

## તીર્થોત્તમ વડતાલ ધામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત

# કમલાકાર ભવ્ય મંદિરમાં યુગલ સ્વરૂપ શ્રી લક્ષ્મીનારાયણ દેવ અને સાક્ષાત્ શ્રીજીસ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા

**પૂર્ણ** પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે સદ્ગુરુ સંત પૂ. મુક્તાનંદ સ્વામીનો સંકલ્પ ઝીલી ભક્તોનાં કલ્યાણ માટે ત્યાગનો પક્ષ મોળો કરીને પણ ઉપાસના દૃઢ કરાવવા સારુ મંદિરોનાં નિર્માણ કરાવ્યાં. આ કાર્ય તેઓએ બે સદી પહેલાં એટલી ઝડપે સાકાર કર્યું કે, જે અત્યારના આધુનિક સમયકાળમાં પણ અશક્ય લાગે. સંવત ૧૮૭૮માં અમદાવાદમાં શિખરબદ્ધ મંદિરમાં શ્રી નરનારાયણદેવ પધરાવ્યા અને તેના એક વર્ષ બાદ સંવત ૧૮૭૯માં ભુજ મંદિરમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. અમદાવાદના મંદિરની પ્રતિષ્ઠા થઈ તેના બીજા જ મહિને વડતાલમાં નૂતન મંદિરના નિર્માણની ખાતવિધિ પ્રભુએ સંપન્ન કરી અને ભુજ મંદિરની પ્રતિષ્ઠાના લગભગ એક વર્ષ જેટલા સમયગાળા બાદ વડતાલ મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા. પ્રભુના વડતાલ ધામમાં મંદિર નિર્માણના આ અલૌકિક કાર્યની દિવ્યગાથા પણ અદ્ભુત છે !

પુણ્યભૂમિ વડતાલ એ શ્રીજી મહારાજની રમણ રેતી ! તેમની લીલાભૂમિ, કર્મભૂમિ, ઉત્સવભૂમિ ! શ્રીજી મહારાજે અનેક ઉત્સવોમાં લીલાઓ કરી જેના સાક્ષી બનેલા સંતોએ ધન્યતાની અનુભૂતિ પંક્તિમાં વર્ણવી કે, 'લાગે વૈકુંઠથી રૂડું વડતાલ...'. આ વડતાલ ધામ 'વ્રતપુરી', 'વ્રતાલય', 'વૃત્તાલય' અને 'વરતાલ' જેવાં નામોથી પણ ઇતિહાસમાં પ્રચલિત થયું છે. શાસ્ત્રમાં નોંધાયું છે કે, વડતાલમાં એક બદરી એટલે કે બોરડીનું સુંદર વૃક્ષ હતું, જ્યાં દ્વાપરયુગમાં ભૃગુ ઋષિની પુત્રી રમા-લક્ષ્મીજીએ શ્રી નારાયણને પ્રસન્ન કરવા ઉગ્ર ભક્તિમય તપ કર્યું હતું. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ શ્રી નારાયણે લક્ષ્મીજીને પત્ની સ્વરૂપે સ્વીકારવાનું અને ભવિષ્યમાં નારાયણ દ્વારા આ પવિત્ર સ્થળે નિર્મિત મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ સ્વરૂપે પોતાની યુગલ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાનાં વર પ્રદાન કર્યાં હતાં. ભારતમાં જે આઠ બદરી સ્થળો પવિત્ર અને કલ્યાણકારી ગણાય છે, તે પૈકી આ સ્થળનો સમાવેશ થાય છે. આ સ્થળને ગામ લોકો 'બોરડીવાળા ખેતર' તરીકે જ ઓળખતા હતા.

આ ઉપરાંત, પ્રાસાદિક બદરી સ્થળ-વડતાલ લુટારા જોબન પગીને લીધે પણ જાણીતું બન્યું હતું. આ ધાર્મિક અને સંસ્કારી ગામમાં એક કુશળ અને પ્રવીણ બહારવટિયો પાક્યો, જેણે અધર્મ અને દુરાચારના માર્ગે ચડી ગામનું નામ લજવ્યું. સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ, ગુજરાતમાં એમ સમગ્ર ગાયકવાડી સરકારમાં તેની ખૂબ ધાક હતી. દેશના મોટા ઈજારદારો, શ્રીમંતો કે સરદાર-ઠાકોરોનું ઘર તોડવું હોય તો તે જોબન પગી માટે રમતવાત હતી. તેમની રંજાડવાની વૃત્તિ, લૂંટફાટ અને ચોરી-હિંસા જેવાં દુષ્કૃત્યો એટલાં બધાં વધી ગયાં કે, લોકોએ એમના નામ સાથે ગામનું નામ જોડી દીધું અને તેઓ 'જોબન વડતાલો'ના નામથી પણ ઓળખાયા. પરંતુ, આ જોબન ભાયા પગીના જીવનનું પરિવર્તન શક્ય બન્યું !

અધર્મ વધે ત્યારે પ્રભુ પધારે, તેમ વડતાલમાં જોબન પગીના અધર્મને નાથવા ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રથમ વર્ણી વેશે પધાર્યા. જોબન પગીને ત્યારે સંબંધ આપ્યો, ઉપદેશ આપ્યો. તેઓનું પ્રથમ મિલન ગામના તળાવ પાસે આવેલા શ્રી હનુમાનજીના ડેરા પાસે થયું. પ્રભુએ જોબન પગીને જીવન સદ્‌માર્ગે વાળવા ઉપદેશ કર્યો. ત્યારબાદ બોરડીવાળા ખેતરે જઈને શ્રી નીલકંઠ વર્ણીજીએ ભવિષ્યમાં મોટું મંદિર કરવાની ઇચ્છા વ્યક્ત કરી અને લક્ષ્મીજીને મળેલ વરદાન પૂર્ણ કરવાના સંકેત આપ્યા. પરંતુ, જોબન પગીના દુરાચાર અને પાપવૃત્તિનો અંધકાર તેમના જીવન પર એવો છવાયો હતો કે, તેઓ પ્રત્યક્ષ પ્રભુના આદેશને પણ ભૂલી ગયા.

ધર્મધુરા સંભાળ્યા બાદ ભગવાન શ્રી સ્વામિનારાયણે ડભાણમાં અહિંસક શ્રી વિષ્ણુયાગનું આયોજન કર્યું અને તે પ્રસંગે પોતાના ધામરૂપ સાધુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને ભાગવતી દીક્ષા આપી. આ દિવસોમાં જોબન પગીને ગતિમાન, જાતવાન ઘોડાની જરૂર હતી, જે તેને લૂંટફાટમાં ભાગી નીકળવા સહાયરૂપ બને. કોઈકે તેને જણાવ્યું કે, 'આવી ઘોડી તો ભગવાન સ્વામિનારાયણ પાસે છે અને તેઓ અત્યારે ડભાણ બિરાજે છે.' જોબન પગી ઘોડી ચોરવા જાય છે પણ બે-ત્રણ રાત્રિના ઉજાગરા, અથાક પ્રયત્ન છતાં શ્રીજી મહારાજની ઘોડી ચોરી શકતા નથી. વળી, ઘોડશાળમાં ઘોડી ચોરવા આવે ત્યારે પ્રભુ હાજર હોય અને તે જ સમયે તેઓ પોતાની ઓરડીમાં આરામ પણ કરતા હોય. એક જ સમયે અનેક ઠેકાણે પ્રભુનાં દર્શન પામી જોબન વીંધાયા અને શ્રી સ્વામિનારાયણ એ સામાન્ય પુરુષ નહિ, પણ ભગવાન જ છે તે પારખું કરીને નિષ્ઠા દૃઢ કરી. જોબન પગીના જીવનમાં સોનાનો સૂરજ ઊગ્યો. લૂંટફાટ છોડી હવે તેઓ સત્સંગી બન્યા. તલવાર અને બંદૂક છોડી તેમણે માળા અને ભજનનો સહારો લીધો. તેમની ભક્તિથી રાજી થઈ પ્રભુએ તેમની ઇચ્છા મુજબ વડતાલમાં કાયમી નિવાસ કરવાનો કોલ આપ્યો - મંદિરમાં મૂર્તિ રૂપે બિરાજવાનો સંકેત આપ્યો.

વડતાલમાં ભક્તોના આગ્રહથી ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર પધારતા. પ્રભુ પધારે તેનો સૌને અપાર આનંદ રહેતો. ઈ.સ. ૧૮૦૪થી ઈ.સ. ૧૮૩૬ના ૨૬ વર્ષના સમયકાળમાં શ્રીજી મહારાજ ૪૦ જેટલી વખત વડતાલ પધાર્યા હતા અને એક દિવસથી માંડી ચાર માસ સુધીનું રોકાણ કર્યું હતું. બોચાસણમાં સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગ હતો. બોચાસણના ભક્તોના વડતાલમાં સંબંધ હોવાને પરિણામે વડતાલમાં પણ સત્સંગ પાંગર્યો હતો. બોચાસણથી પ્રભુ જ્યારે વડતાલ પધારે ત્યારે ગામના એકાંતિક ભક્તો બાપુભાઈ, જોબન પગી, વાસણ સુથાર, નારણગીર ગોસાઈ, ગોર વનમાળી, દાદાભાઈ, જોરાભાઈ, રણછોડભાઈ આદિ, બોચાસણના કાશીદાસ મોટા, ઉમરેઠના રૂપરામ ઠાકર, બામરોલીના તખો પગી અને નડિયાદ, બુધેજ, વસો, સોજિત્રા, સીંજીવાડા, ડભાણ આદિ આસપાસનાં ગામના સેંકડો ભક્તો વડતાલ પધારતા અને શ્રીજી મહારાજનાં દર્શન-સમાગમનું સુખ લેતા. એક દિવસ તેઓએ પ્રભુને પ્રાર્થના કરી કે, 'હે મહારાજ! આપ પધારો છો ત્યારે જે સુખ પ્રાપ્ત થાય છે તે અમૃતસમ છે અને આપ દૂર જાઓ છો ત્યારે અમારો આનંદ સુકાઈ જાય છે. માટે આપ અહીં આપની મૂર્તિ પધરાવો અને અમને આપનાં દર્શન-સેવા, સત્સંગનું સુખ આપો.' ભક્તોની પ્રાર્થના સાંભળી તરત જ પ્રભુએ બોરડીવાળા ખેતરમાં બોરડીના વૃક્ષ નીચે એક સુંદર ઓરડી કરાવી, તેમાં પોતે તૈયાર કરાવેલી શ્રી નરનારાયણની મૂર્તિઓ પધરાવી, પ્રતિષ્ઠા-આરતી કરી ગામને પોતાની ઉપાસનાનું પહેલું મંદિર ભેટ આપ્યું.

અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની મૂર્તિપ્રતિષ્ઠા સમયે વડતાલમાં પણ મોટું મંદિર કરવાનો શ્રીજી મહારાજે ભક્તોને કોલ આપ્યો હતો, એટલે ભક્તોએ શ્રીજી મહારાજને તે યાદ કરાવ્યો અને વડતાલમાં મંદિર કરવા વિનંતી કરી. શ્રીજી મહારાજે ગામના અગ્રણી જમીનદારોને બોરડીવાળા ખેતર અને આસપાસની જમીનનો લેખ કરી આપવા વાત કરી. ગામના ભક્તિવંત અગ્રણીઓએ ગામની જેટલી અને જ્યાં જમીન જોઈએ તે લખી આપવા વાયદો કર્યો.

જે જગ્યાએ પૂર્વે મહારાજે ઓરડીમાં શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા હતા તે જ જગ્યાએ સંવત ૧૮૭૮ના ચૈત્ર સુદ તેરસના દિવસે શ્રીજી મહારાજે સ્વયં પોતાનાં કરકમલો દ્વારા ખાતવિધિ કરી. ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા નિર્મિત મંદિર નિર્માણના ઇતિહાસમાં ત્રણ વર્ષ પૂર્વે કોઈ મંદિરની ખાતવિધિ થઈ હોય તો તે વડતાલ મંદિર જ છે. તે જ દિવસે મહારાજે વડનગરના શિલ્પી પુરુષોત્તમને બોલાવ્યા અને મોટું સરસ મંદિર કરવાનો નિર્દેશ કર્યો. પુરુષોત્તમ સલાટે મહારાજને નડિયાદમાં નારાયણનું મંદિર બતાવ્યું અને વડતાલમાં એવું જ મંદિર કરીએ તેવો ભાવ વ્યક્ત કર્યો. પ્રભુ નડિયાદ પધાર્યા અને મંદિર નિહાળ્યું પણ મન માન્યું નહિ. એટલે તેઓએ સલાટને નવા નકશા તૈયાર કરવા આજ્ઞા કરી. તેમજ, સંવત ૧૮૮૨ના ચૈત્ર સુદ ચોથના રોજ એટલે કે, ખાતવિધિનાં ચાર વર્ષ બાદ ગામવાસીઓએ, જમીનદારોએ ગામના અગ્રણીઓની હાજરીમાં ૧ રૂપિયાના સ્ટૅમ્પપેપર ઉપર ધર્મપટ લખી આપ્યો અને શ્રીજી મહારાજને શ્રી લક્ષ્મીનારાયણનું મંદિર, સંતોની ધર્મશાળા માટે સૂરજ-ચંદ્ર રહે ત્યાં સુધી જમીન કૃષ્ણાર્પણ કરી. તે પૂર્વે સંવત ૧૮૮૦માં જોબન પગી અને કુટુંબીજનોએ પણ મહારાજને સત્સંગની પ્રવૃત્તિ કરવા સારુ ગામમાં આવેલી પોતાની માલિકીની જમીન કૃષ્ણાર્પણ કરી હતી. અને ધારું તલાવડી એટલે કે જે હાલ ગોમતી તળાવ તરીકે પ્રસિદ્ધ છે તે પણ ગામવાસીઓએ અર્પણ કર્યું. મંદિર કરવા સારુ ગામ સમસ્તે જમીન અર્પણ કરી હોય તેવો સંપ્રદાયનો આ પહેલવહેલો પ્રસંગ હતો. ગામના ભક્તોની આવી ભક્તિથી, મંદિરના નિર્માણથી આવનારી પેઢી સંસ્કારે સદ્ધર થશે તેવી ગામવાસીઓની દૂરદૃષ્ટિ પર મહારાજ અત્યંત પ્રસન્ન થયા. વળી, મહારાજે સ્વયં મંદિર ક્યાં નિર્માણ પામશે, સંતોની ધર્મશાળા, કૂવો જેનું નામ તેઓએ -'જ્ઞાનકૂપ' આપ્યું, પોતાને રહેવાનું સ્થાન- 'હરિમંડપ' આદિ ક્યાં નિર્માણ પામશે તે પણ બતાવ્યું.

સંવત ૧૮૮૦ના સમયગાળામાં શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને ૧૨ રૂપિયા આપી વડતાલમાં મંદિર નિર્માણ કરવાની સેવા સોંપી અને હસતા હસતા આજ્ઞા કરી કે, 'વડતાલમાં તળાવ કાંઠે હનુમાનજીનું ડેરું છે તેવડું મંદિર કરજો.' એટલે બ્રહ્માનંદ સ્વામીએ પણ રમૂજ કરી કે, '૧૨ રૂપિયામાં તો તેવું ડેરું પણ ન થાય, માટે આપે જે ઓરડીમાં નરનારાયણ દેવ પધરાવ્યા છે તે જ ઠીક છે.' મહારાજે પ્રસન્ન થકા અક્ષરાનંદ સ્વામી અને અખંડાનંદ સ્વામીને તેમની સહાયમાં મૂક્યા. મંદિર માટે જમીનનો પાકો દસ્તાવેજ કરાવી લેવાનું સૂચન કર્યું અને દસ્તાવેજ ન થાય તોપણ મંદિર નિર્માણનું કામ શરૂ કરવાની આજ્ઞા કરી.

બ્રહ્માનંદ સ્વામી સંતો સાથે મંદિર નિર્માણ કરાવવા વડતાલ પધાર્યા એટલે સૌ ગામવાસીઓને ખૂબ આનંદ થયો. મંદિર નિર્માણનાં જે સ્વપ્નો સૌએ સેવ્યાં હતાં તે હવે સાકાર થશે તે મોજમાં સૌ રંગાઈ ગયા. બ્રહ્માનંદ સ્વામી અને જોબન પગીએ તો પૂરવેગમાં કામ આરંભ્યું. બામરોલી, સંજાયા અને વડતાલના કુંભારો પાસે ઈંટો પડાવવાની શરૂઆત કરાવી. સંતો ભિક્ષા માગવા જતા અને કુંભારોને પ્રેમથી જમાડતા. હાલ જ્યાં લક્ષ્મીનારાયણ દેવ અને ધર્મદેવનું મંદિર છે ત્યાં બ્રહ્માનંદ સ્વામીએ શિખરોના પાયા ગળાવ્યા. ચરોતરની પોચી જમીન એટલે પથ્થરનો કસ આવે જ નહિ ને થોડું ખોદે ત્યાં પાણી નીકળે. છેવટે ત્યાં જ પાકી ઈંટોની કમાનો વાળી. આ રીતે પાયામાં જ આશરે સાત લાખ ઈંટો વાપરી. સૌને સેવાનો ખૂબ ભાવ હતો એટલે કુંભારો પણ અંતરથી સેવા કરતા. સૌને થતું કે આવું મોટું કાર્ય આટલી સરળતાથી કેવી રીતે ચાલી શકે !? બ્રહ્માનંદ સ્વામી અને સંતોને પૂર્ણ નિષ્ઠા હતી કે, 'જેમણે આ કાર્યની પ્રેરણા કરી છે તેઓ જ તે પૂર્ણ કરાવશે.'

શ્રીજી મહારાજ ત્યારે ગઢડા બિરાજમાન હતા. તેઓએ મનુષ્યલીલા કરી અને 'બ્રહ્માનંદ સ્વામીએ ગજા બહારનું કામ ઉપાડ્યું છે' એમ જણાવી ચિંતા વ્યક્ત કરી. 'આટલી બધી મૂડીની ચૂકવણી આપણાથી થશે નહિ' તેમ જણાવી મહારાજે નિત્યાનંદ સ્વામીને એક પત્ર સાથે વડતાલ મોકલ્યા કે, 'બ્રહ્માનંદ સ્વામીને સમજાવો, હજુય મોડું નથી થયું.' મહારાજનો પત્ર લઈ નિત્યાનંદ સ્વામી વડતાલ આવ્યા, તેઓએ મંદિરનું કાર્ય નિહાળ્યું અને કમલાકાર મંદિરના પાયા જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. મહારાજે કહેલી વાતો કરી તેમનો પત્ર બ્રહ્માનંદ સ્વામીને આપ્યો, જેમાં મહારાજે એક સાખી લખી હતી કે,

*'અપની પહોંચ બિચારકે, કરીએ તેતી દોડ,*
*તેતા પાઉં પસારીએ, જેતી લંબી સોડ...'*

પત્ર વાંચી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે, 'અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં મંદિર તો આકાશને આંબે એવાં હોય !' ત્યારે જોબન પગી પણ બોલ્યા કે, 'આ ચરોતરના ચોકમાં નાનું ડેરું શોભે નહિ !' શ્રીજી મહારાજે આપેલા બાર રૂપિયા તો હજુ બ્રહ્માનંદ સ્વામીની ચીથરીમાં જ પડ્યા હતા અને તેમ છતાં આવું મોટું કાર્ય સાકાર થઈ રહ્યું હતું, જે કેવળ કરુણાનિધિ પરાત્પર પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપે જ ! આ અહેસાસ નિત્યાનંદ સ્વામીને પણ થયો. બ્રહ્માનંદ સ્વામીની સૂઝ, દીર્ઘદૃષ્ટિ અને નિષ્ઠા જોઈ નિત્યાનંદ સ્વામી તેઓને વંદી રહ્યા. બ્રહ્માનંદ સ્વામીએ તેમને મદદ માટે વડતાલ જ રોકી દીધા અને કોઈ ભક્ત દ્વારા મહારાજને તેમની જ ઢબમાં પત્ર લખી મોકલાવ્યો કે,

*'સાહેબ સરીખા શેઠિયા, બસે નગ્રકે માંહી,*
*તાકે ધનકી ક્યાં કમી, જાકી હૂંડી ચાલે નવખંડ માંહી...'*

આ પત્ર નિત્યાનંદ સ્વામીએ વાંચ્યો અને બ્રહ્માનંદ સ્વામી પાસે બે શબ્દો તે પત્રમાં ઉમેરાવ્યા કે, 'આ કાર્યમાં નિત્યાનંદ સ્વામીની પણ સંમતિ છે.' મહારાજને પત્ર મળ્યો એટલે બ્રહ્માનંદ સ્વામીની નિષ્ઠા જોઈ અંતરથી ખૂબ પ્રસન્ન થયા, પરંતુ વડતાલ જવા ઉતાવળ કરવા લાગ્યા. એટલે છેટે ઊભા રહેલાં જીવુબા બોલ્યાં કે, 'હે પ્રભુ ! બ્રહ્માનંદ સ્વામીનો સંકલ્પ સિદ્ધ થવા

દો!' તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા કે, 'હવે આ લક્ષ્મીજી બોલ્યાં છે તેથી મંદિર સર્વોપરી થશે !'

બીજી બાજુ શિલ્પકળાના જાણકાર નિત્યાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને સૂચન કર્યું કે, 'કમળાકાર નકશાને અનુરૂપ બે શિખરનું મંદિર કરો છો તેને બદલે ત્રણ શિખરનું મંદિર કરશો તો આકાર બંધબેસતો આવશે. વળી, વચ્ચે ઘુમ્મટ અને નાની નાની ઘુંમટીઓ કરો જેથી મંદિરની શોભા વધશે.' તે મુજબ ત્રણ શિખરના પાયા નાખ્યા અને કુલ મળીને મંદિરના પાયામાં નવ લાખ ઈંટો વપરાઈ ગઈ. જેટલું ભવ્ય મંદિર જમીનની ઉપર સર્જાયું તેટલું જ ભૂમિતળે પણ દટાયું છે.

શ્રીજી મહારાજ તે દરમિયાન વડતાલ પધાર્યા. મંદિરનિર્માણનું કાર્ય જોઈ ખૂબ રાજી થયા. વિશેષ રાજી તો એટલે થયા કે, પાયા ગાળવાની સેવામાં ગામના બધા જ ભક્તો મંડી પડ્યા હતા. તેમનો શ્રમયજ્ઞ જોઈ મહારાજે કહ્યું કે, 'આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણની સેવા છે.' મહારાજ પોતે પણ આ સેવામાં જોડાઈ જતા. ઈંટવાડામાંથી પોતાની જરિયાન પાઘ ઉપર શ્રીજી મહારાજે બે ઈંટો ઉપાડી અને મંદિરના પાયામાં અર્પણ કરી, આમ કુલ છત્રીસ ઈંટો મહારાજે પાયામાં અર્પણ કરી. શ્રીજી મહારાજની આ પ્રાસાદિક ઈંટો બ્રહ્માનંદ સ્વામીએ પછીથી શ્રી લક્ષ્મીનારાયણ દેવની જે પીઠ ઉપર પ્રતિષ્ઠા થવાની હતી ત્યાં વાપરી. શ્રીજી મહારાજ મંદિરનિર્માણના કાર્યની દેખરેખ રાખતા અને જરૂરી માર્ગદર્શન આપતા. જે સંતો ગારાનું કામ કરતા તે સૌને શ્રીજી મહારાજ ભેટતા અને આશીર્વાદ આપતા. સંતો અચકાતા અને કહેતા કે, 'મહારાજ રહેવા દો, આ ગારો તમારાં વસ્ત્રો બગાડશે.' મહારાજ ભાવમાં આવીને તેમને કહેતા કે, 'આ ગારો નથી, આ તો ચંદન છે !'

આટલું મોટું કામ નિર્વિઘ્ને પાર પડે તે માટે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અખંડ ધૂન-ભજન કરતા, નવા મુક્તોને કથા કરતા, મહારાજની સર્વોપરિતા સમજાવતા અને સેવા તથા માહાત્મ્યસભર ભક્તિનો કેફ ચઢાવી દેતા. મહારાજે કુશળ શિલ્પી હીરાજીને મંદિર નિર્માણના કાર્યમાં મુખ્ય રાખ્યા. તેમની મદદમાં પુરુષોત્તમ સલાટ તથા દામોદરભાઈ, નડિયાદના કેવળ અને અમદાવાદના કુબેરજીને રાખ્યા. ગ્રામજનોને ભેગા કરી સહાયમાં રહેવા જણાવ્યું. મયારામ ભટ્ટ અને પુરુષોત્તમ ભટ્ટ પાસે મહારાજે મુહૂર્ત જોવડાવ્યું અને વિક્રમ સંવત ૧૮૮૧ના કાર્તિક સુદ બારસના રોજ મૂર્તિપ્રતિષ્ઠા કરી દેવાનો અને પોતાનું સ્વરૂપ પધરાવવું છે તેવો ભાવ પ્રગટ કર્યો.

એક વર્ષ મંદિરનિર્માણનું કાર્ય ધમધોકાર ચાલ્યું. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નજીક આવ્યો એટલે મહારાજે મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને માંડવીના અમીચંદ વણિકને ત્યાંથી શ્રી લક્ષ્મીનારાયણની પુરાતન મૂર્તિઓ લેવા વડોદરા મોકલ્યા અને પોતે પત્ર પણ લખી આપ્યો. મહારાજ ત્યારે ગઢડા બિરાજમાન હતા. સંતોએ વડોદરામાં વણિકનું ઘર શોધી લીધું અને તેમને ત્યાં જઈને મૂર્તિઓની માગણી કરી. વણિકે મૂર્તિઓ આપવા આનાકાની કરી એટલે સંતોએ શ્રીજી મહારાજનું નામ દીધું અને તેઓએ લખી આપેલો પત્ર પણ આપ્યો. આથી તરત જ વણિકની સ્મૃતિ તાજી થઈ અને તેમણે સંતોને વાત કરી કે, 'વર્ષો પહેલાં તમારા સ્વામિનારાયણ ભગવાન વર્ણીવેશે મારા ઘરે પધાર્યા હતા. અંતર્યામીપણે તેઓએ જાણી લીધું કે, મારા ઘરે શ્રી લક્ષ્મીનારાયણ દેવની પુરાતની મૂર્તિઓ છે. અમે તો વર્ણીની લીલા જોઈ આશ્ચર્યમાં જ પડી ગયા. ત્યારે તેઓએ અમને કહ્યું હતું કે, 'ભવિષ્યમાં હું મારા સંતોને તમારે ત્યાં મોકલીશ અને તમે તેમને આ મૂર્તિઓ આપશો.''

આ વાત કરી વણિકે સંતોને મૂર્તિઓ આપી. શ્વેત મૂર્તિઓનાં દર્શન કરી સંતો ભાવમાં આવી ગયા. મૂર્તિઓ નયનરમ્ય હતી, તે જોઈને સંતોને સંકલ્પ થયો કે, 'આવી મૂર્તિઓ તો શ્રીજી મહારાજ જ્યાં બિરાજે છે તે ગઢપુરમાં જ શોભે.' એટલે ગાડામાં સાચવીને મૂકેલી મૂર્તિઓ લઈ સંતોએ વડતાલને બદલે ગઢડાનો માર્ગ પકડ્યો. બોચાસણ આવ્યું ત્યાં તો ચૈત્ર માસ હોવા છતાં કડાકા સાથે મુશળધાર વરસાદ પડ્યો. સૌ અચંબામાં પડ્યા. ગુજરાતની પોચી જમીનને લીધે કાદવ થઈ ગયો. ગાડાનાં પૈડાં જમીનમાં ફસાયાં. ગાડું એક ડગલું આગળ ચાલે નહિ અને વરસાદનો પ્રકોપ અસહ્ય હતો. બોચાસણના કાશીદાસ મોટાને બોલાવ્યા અને મદદ લીધી તેમ છતાં ગાડું આગળ વધે જ નહિ. છેવટે એ મૂર્તિઓ કાશીદાસને ત્યાં બોચાસણમાં જ મૂકવાનો નિર્ણય કર્યો. ગઢડા જઈને સંતોએ મહારાજને આખી વાત કરી. એટલે મહારાજે હસતા હસતા મર્મમાં કહ્યું કે, 'દેવને ગુજરાતનો મીઠો મધુરો આમ્રરસ જમવો હોય પછી એ અહીં રોટલા ને દાળ જમવા કાંઈ આવે ?' થોડા માસ બાદ મહારાજ સંઘ લઈને વડતાલ પધાર્યા. વળી, સંતોને શંકા હતી કે, 'નારાયણની મૂર્તિમાં આયુધો શાસ્ત્રોક્ત રીતે મૂકાયાં નથી. જ્યાં ગદા હોવી જોઈએ ત્યાં ચક્ર છે અને ચક્ર હોવું જોઈએ ત્યાં ગદા છે !' મહારાજે માત્ર મંદ સ્મિત કર્યું અને કહ્યું કે, 'સમય આવશે ત્યારે નારાયણ આયુધોની ફેરબદલી કરી લેશે.'

બ્રહ્માનંદ સ્વામી બોચાસણથી મૂર્તિઓ મંગાવવાનું ભૂલી ગયા હતા અને મહારાજે વડતાલમાં યોજિત એક સભામાં કાશીદાસ મોટાને જોયા. મહારાજે તેમને કહ્યું કે, 'તમારા ઘરે જે લક્ષ્મીનારાયણ દેવની યુગલ મૂર્તિઓ સંતો મૂકી ગયા હતા તે અમારે અહીં વડતાલમાં પધરાવવી છે, તો એ અમને આપી દો !' શ્રીજી મહારાજની વાત સાંભળી કાશીદાસ ભાવવિભોર બની ગયા. તેમણે પ્રભુને કહ્યું કે, 'છેલ્લા આઠ માસથી મૂર્તિઓ મારા ઘરે છે અને તેમની થાળ-પૂજા અમે કરીએ છીએ. તો આપ બોચાસણમાં જ મૂર્તિઓ પધરાવો તેવો મારો સંકલ્પ છે. આપને જોઈએ તેટલી જમીન આપું પણ મૂર્તિઓ બોચાસણ જ રહે તેવું કરો.' ત્યારે પરભાવમાં આવીને શ્રીજી મહારાજ બોલ્યા કે, 'અમદાવાદના મંદિરે અને વડતાલમાં ઓરડીમાં અમે ઉપાસનાની યુગલ મૂર્તિઓ પધરાવી. અહીં વડતાલમાં પણ લક્ષ્મીનારાયણની મૂર્તિ સ્વરૂપે યુગલ ઉપાસના અમે સ્થાપિત કરીશું. પરંતુ, તમારે ત્યાં બોચાસણમાં તો અમારે અમારા ધામ સાથે બિરાજવું છે. ઉપાસનાથી જ મોક્ષ છે અને એવી

મોક્ષદાયી ઉપાસના, અમારી શુધ્ધ સનાતન સર્વોપરી ઉપાસના એટલે કે શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના બોચાસણથી અમારે સ્થાપવી છે. માટે નિશ્ચિંત રહેજો ! તમારો સંકલ્પ જરૂર પૂરો થશે ! અને સર્વોપરી, સર્વકર્તા, સકલ નિયંતા અમારો આ વર અમારા સ્વરૂપરૂપ એકાંતિક સંત દ્વારા સાકાર થશે !'



મધ્ય ખંડમાં શ્રી રણછોડજી, શ્રી નારાયણજી, શ્રી લક્ષ્મીજી

અને ખરેખર, ભગવાન શ્રી સ્વામિનારાયણના આશીર્વાદ મુજબ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સંવત ૧૯૬૩માં બોચાસણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું સર્વપ્રથમ ગગનચુંબી મંદિર નિર્માણ કરાવી તેમાં મધ્ય મંદિરે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની જોટે મૂર્તિઓ પધરાવી પ્રભુના વરને સાકાર કર્યો.

મહારાજના વચનથી કાશીદાસ-મોટાને શાંતિ થઈ. બીજા દિવસે સંતો બોચાસણ ગયા અને મૂર્તિઓ લઈ આવ્યા. મૂર્તિઓ યજ્ઞશાળામાં ગોઠવાઈ અને બધાએ જોયું તો નારાયણની મૂર્તિનાં આયુધો શાસ્ત્રોકત રીતે જ ગોઠવાયાં હતાં. સૌને શ્રીજી મહારાજની દિવ્યતા સમજાઈ. આ તરફ વાસુદેવ નારાયણ અને હરિકૃષ્ણ મહારાજ, જે ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વરૂપ છે તે મૂર્તિઓ મહારાજે નારાયણજીભાઈ પાસે તૈયાર કરાવેલાં ચિત્રો અનુસાર તેઓ જાતે જ વડોદરા જઈ કંસારા પાસે બનાવડાવી વડતાલ લાવ્યા હતા. પછી હાલ જયાં રામપ્રતાપભાઈનું ઘર છે તેની સામે યજ્ઞશાળા તૈયાર કરી, ધજાઓ કોણ ચઢાવશે તેની ગોઠવણ કરી.

વિક્રમ સંવત ૧૮૮૧ના કાર્તિક સુદ બારશના મંગલકારી દિવસે, બુધવારે સવારે ભવ્ય વેદોક્ત યજ્ઞ થયો. નોબત, શરણાઈ, ઢોલ-નગારાંના નાદ સાથે શોભાયાત્રા નીકળી. ત્રણ શિખર પૈકી ઉત્તર શિખરની નીચેના ખંડમાં શ્રી ધર્મદેવ-ભકિતમાતા અને શ્રી વાસુદેવનારાયણ, મધ્ય ખંડમાં શ્રી લક્ષ્મીનારાયણ અને દક્ષિણ શિખરની નીચેના ખંડમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ સ્વરૂપે પોતે બિરાજ્યા અને સાથે શ્રી રાધા-કૃષ્ણની મૂર્તિઓ સ્થાપી. તે સિવાય મંદિરના ઘુમ્મટમાં સૂર્યનારાયણ, નૃસિંહજી, શેષનારાયણ, વરાહ, મત્સ્ય, કુર્મ આદિ સ્વરૂપોની મૂર્તિઓ સ્થાપી અને મુખ્ય દરવાજા પાસે બંને ખંડમાં શ્રી ગણપતિજી અને શ્રી હનુમાનજીની મૂર્તિઓ પધરાવી. હજારો ભકતો આ મહોત્સવમાં સહભાગી બનવા દેશ-દેશાંતરથી પધાર્યા હતા. શ્રીજી મહારાજ પોતાનું સ્વરૂપ પોતાની હયાતીમાં ભવિષ્યની પેઢીના કલ્યાણ માટે પધરાવશે તેનો સૌને ખૂબ આનંદ હતો. સૌની ઉપસ્થિતિમાં શ્રીજી મહારાજે દરેક મૂર્તિઓનાં વિધિસર પૂજન કર્યાં. ન્યાસવિધિ શરૂ થઈ ત્યારે સૌ આશ્ચર્યમાં



દક્ષિણ ખંડમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી કૃષ્ણ, શ્રી રાધિકાજી



ઉત્તર ખંડમાં શ્રી વાસુદેવજી નારાયણ, શ્રી ધર્મદેવ, શ્રી ભક્તિમાતા



વડતાલમાં શ્રીજી મહારાજે સંપ્રદાયના બે દેશોના બે આચાર્યોની પરંપરા સ્થાપી

પડી ગયા અને જોઈ જ રહ્યા કે, જેટલી મૂર્તિઓ હતી તેટલાં સ્વરૂપ ધારણ કરી શ્રીજી મહારાજે એક સાથે બધી જ મૂર્તિઓનો ન્યાસવિધિ કર્યો. પ્રતિષ્ઠા આરતી કરી મહારાજે વિશ્વ સમસ્તને વડતાલનું ભવ્યમંદિર ભેટ આપ્યું.

શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરતી વખતે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું હતું કે, 'અર્ચા સ્વરૂપ આ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ, અક્ષરધામમાં બિરાજમાન પરમસ્વરૂપ અને અમારું મનુષ્ય દેહધારી પ્રત્યક્ષ સ્વરૂપ આ ત્રણેયમાં અણુમાત્ર ભેદ નથી. આ અર્ચા સ્વરૂપનું પૂજન, અર્ચન અને ઉપાસના અમારું જ પૂજન, અર્ચન અને ઉપાસના છે.' વળી જણાવ્યું કે, 'આ મંદિરમાં પ્રતિષ્ઠિત કરેલી વાસુદેવની મૂર્તિ અમારું બાળ સ્વરૂપ છે.'

વડતાલના બધા જ ભક્તોના સેવાભાવથી રાજી થઈ બીજા જ દિવસથી મહારાજે સૌના ઘરે પધરામણી કરી અને જેમણે જે બનાવ્યું હતું તે ભાવથી જમ્યા, સૌનો ભાવ ગ્રહણ કર્યો અને સ્મૃતિઓ આપી કલ્યાણ કર્યાં. મૂર્તિઓના શણગાર, પૂજાનું મહારાજ ખાસ ધ્યાન રાખતા અને રખાવતા. મંદિરનિર્માણમાં આપવાના સૌના પૈસા મહારાજે ચૂકવી દીધા, શિલ્પીઓને ભેટ પણ આપી.

એક વર્ષ બાદ વડતાલની દિવ્ય ભૂમિ સાક્ષી બની સંપ્રદાયના આચાર્ય સ્થાપનની ! સંવત ૧૮૮૨ના કાર્તિક સુદ અગિયારસના દિવસે મધ્યાહન કાળ વીતે તે પહેલાં મંદિરની પાછળ જ્યાં હાલ ઓટો છે ત્યાં બિરાજી આશ્રિતોની વિશાળ મેદની વચ્ચે શાસ્ત્રોક્ત વિધિથી અનુગામી આચાર્યોની સ્થાપના કરી. સૌને એમ હતું કે, 'મહારાજ એક આચાર્ય સ્થાપશે, પરંતુ બે આચાર્યો સ્થાપી મહારાજે દિવ્ય અને અનુપમ લીલા કરી.' દશમને દિવસે સૌ અગ્રણી સંતો-ભક્તો સમક્ષ મહારાજે સંપ્રદાયના આચાર્યપદે સાધુ, ગૃહસ્થ કે કોઈ બ્રહ્મચારીને નીમવાની વાત કરી, જેથી સત્સંગ અને સંપ્રદાયનો સુવ્યવસ્થિત વિકાસ થાય અને ભક્તોને માર્ગદર્શન મળે. પરંતુ, કોઈએ કાંઈ સૂચન કર્યું નહિ, માત્ર વડીલ સંત મુક્તાનંદ સ્વામીએ સૂચન કર્યું કે, 'ત્યાગી સંત કે બ્રહ્મચારી તે સ્ત્રી, દ્રવ્ય અને માન-મોટપથી દૂર રહે તે જ યોગ્ય છે. અને ગૃહસ્થ મુક્ત કરતાં પછી ધર્મકુળમાંથી જ કોઈ આચાર્ય પદે સ્થપાય.'

બીજે દિવસે એટલે કે એકાદશીના રોજ શ્રી ધર્મદેવના પ્રાગટ્યપર્વે મોટી સભા યોજી અને મંદિરની પાછળ ઓટો છે ત્યાં ગાદી-તકિયા નંખાવ્યાં. મોટી પાટ પર પ્રભુ બિરાજ્યા અને આજુબાજુ પાટ પાસે રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ પોતાના પુત્રો સાથે બિરાજ્યા. સામે એક બાજુ સંતો અને બીજી બાજુ ગૃહી ભાઈઓ તો વળી, દૂર સ્ત્રી વર્ગ બિરાજ્યો. ભગવાને પોતાના બંને ભાઈઓ પાસે એક એક પુત્રની માંગ કરી અને પોતાની ધર્મધુરા હવે ધર્મકુળમાં સ્થાપિત કરવાની વાત કરી. પ્રભુની માગણી પ્રમાણે રામપ્રતાપભાઈએ પોતાના ત્રણ પુત્રો પૈકી વચેટ પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજી અને ઈચ્છારામ-ભાઈએ પોતાના પાંચ પુત્રો પૈકી બીજા પુત્ર શ્રી રઘુવીરજીને શાસ્ત્રોક્ત દત્તવિધિથી સોંપ્યા.

મહારાજે બંનેને પોતાના પુત્રો તરીકે ગ્રહણ કર્યા અને તેઓની પ્રથમ પોતે પૂજા કરી બાદ શિષ્યો પાસે કરાવી. મહારાજે કહ્યું કે, "સંપ્રદાયનાં બે મુખ્ય મંદિરો, વડતાલ અને અમદાવાદના મધ્યભાગથી પૂર્વમાં કલકત્તાથી પશ્ચિમમાં બેટ શંખોદ્ધાર સુધી એ બે સરહદનાં બિંદુઓ વચ્ચે આડી રેખા આંકીને અમે સંપ્રદાયના નહિ, પણ ભારત દેશના બે વિભાગ કલ્પ્યા છે. એ સરહદરેખાની ઉત્તરે આવેલો દેશ શ્રી નરનારાયણ દેવના દેશ તરીકે અને દક્ષિણે આવેલો દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવના દેશ તરીકે સંપ્રદાયમાં ઓળખાશે. જે-તે દેશ વિભાગમાં વસતા આશ્રિતો, જે-તે વિભાગમાં આવેલ મંદિરોમાં અન્ન, વસ્ત્ર, ધન આદિક જે કંઈ સ્થાવર મિલકત અર્પણ કરે તે જે-તે દેશના દેવની માલિકીની ગણાશે. તેમાં આચાર્ય, ત્યાગી, ગૃહસ્થ કે ધર્મકુળના કોઈ સભ્યનું સ્વામિત્વ કે હક્ક-ભાગ રહેશે નહિ. જે-તે દેશના આચાર્યો જે-તે દેશની મિલકત ને સત્સંગનો આશ્રિતો અને સંતોની સલાહ મુજબ સુવહીવટ માત્ર કરશે." કોઈને પણ જો કોઈ શંકા ઉદ્ભવી હોય તો તે શ્રીજી મહારાજના શબ્દો સાંભળી નિર્મૂળ થઈ ગઈ. અત્યંત પારદર્શક અને ન્યાયપૂર્ણ વ્યવસ્થાના અનુભવ કરી સૌ કોઈ આનંદી રહ્યાં.

ઉપરોક્ત સ્પષ્ટતા બાદ પ્રભુએ શુકમુનિ પાસે બે ચિઠ્ઠીઓ તૈયાર કરાવી. એક ઉપર લખાવ્યું કે, 'શ્રી નરનારાયણ દેવનો દેશ: સ્થાવર જંગમ સર્વ મિલકત શ્રી નરનારાયણ દેવની માલિકીની રહેશે.' અને બીજી ઉપર લખાવ્યું કે, 'શ્રી લક્ષ્મીનારાયણ દેવનો દેશ: સ્થાવર જંગમ સર્વ મિલકત શ્રી લક્ષ્મીનારાયણ દેવની માલિકીની રહેશે.' બંને ચિઠ્ઠીઓ અલગ અલગ વાળીને એક પાત્રમાં મુકાવી અને ત્યારબાદ પાત્ર પોતાના હાથમાં રાખી નવપ્રતિષ્ઠિત આચાર્યો પાસે એક ચિઠ્ઠી ઉપડાવી. પ્રથમ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ચિઠ્ઠી ઉપાડી અને ખોલીને જોયું તો તેમાં શ્રી નરનારાયણ દેવના દેશની વિગત લખી હતી. ત્યારબાદ બંને ચિઠ્ઠી ભેગી કરી અને આચાર્ય શ્રી


રઘુવીરજી મહારાજે ચિઠ્ઠી ઉપાડી અને તેમના હાથમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવના દેશવાળી પત્રિકા આવી. પછી મહારાજે તે બંનેને જે-તે દેશના આચાર્ય તરીકે જાહેર કર્યા અને સૌ કોઈએ મહારાજનો સૂર વધાવી લીધો.

પછી શ્રીજી મહારાજે સ્ત્રી વર્ગમાં બેઠેલાં આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજીનાં ધર્મપત્ની સુનંદાબાઈ અને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજનાં ધર્મપત્ની વિરજાબાઈને અનુક્રમે શ્રી નરનારાયણ દેવ અને શ્રી લક્ષ્મીનારાયણ દેવનાં આચાર્યા તરીકે જાહેર કર્યાં. પુરુષવર્ગે આચાર્યોની અને સ્ત્રીવર્ગે આચાર્યાઓની પૂજા કરી. પછી આચાર્યોને સંબોધીને મહારાજ બોલ્યા કે, "તમારે સંબંધ વિનાની કોઈ પણ સ્ત્રી સાથે બોલવું નહિ, તેમ જ તેનો કોઈ નિમિત્તે સ્પર્શ પણ ન કરવો; મુમુક્ષુ સ્ત્રીઓને તમારે દીક્ષા પણ આપવી નહિ. પણ તમારી આજ્ઞા અને અનુમતિથી તમારી ધર્મપત્નીઓએ દીક્ષા આપવી. તમારાં ધર્મપત્નીઓએ સમીપ સંબંધ વિનાના કોઈ પુરુષ સાથે બોલવું નહિ કે સ્પર્શ પણ કરવો નહિ. એટલું જ નહિ, પણ તે પોતાનું મુખ જુએ તે રીતે પણ વર્તવું નહિ. અને આ આચાર્યપદ વારસામાં પરંપરા ઊતરે તેવું પદ, હક્ક કે મિલકત નથી. તમારે એક કરતાં વધુ પુત્રો હોય તો તેમાં જે સૌથી વધારે ધર્મનિષ્ઠ, ધર્મકુશળ અને ધર્મસમર્થ હોય તેને, પછી એ મોટો પુત્ર હોય કે નાનો પણ તેને જ અગ્રગણ્ય ગૃહસ્થો અને સંતોની સંમતિ, સલાહ મેળવી તમારા અનુગામી તરીકે લેખી નિયુક્ત કરવો. આ પ્રકારે લેખી કરી ન હોય તો તે તમારો સગો પુત્ર હોય ને ગુણવાન હોય તોપણ તે આચાર્યપદનો અધિકારી ગણાશે નહિ. તમારે એવો કોઈ ગુણવાન પુત્ર ન હોય તો ધર્મદેવના પરિવારમાંથી એવો ગુણવાન પુરુષ શોધી કાઢીને અગ્રગણ્ય ત્યાગી અને ગૃહસ્થ હરિભક્તોની સલાહ-સંમતિ લઈને મેં તમને જેમ દત્તવિધિથી પુત્ર પદે ગ્રહણ કર્યા છે, તેમ તમારે પણ કરવું અને પછી તેની લેખી આચાર્યપદે નિયુક્તિ કરવી."

*(સંદર્ભ 'વડતાલ દર્શન', લેખક : રમેશચંદ્ર લા. પંડ્યા, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન, વર્ષ : ઈ.સ. ૧૯૯૯)*

આવી સચોટ સમજૂતી આપી દેશ-વિભાગનો લેખ પણ કર્યો અને ત્યારબાદ મહારાજે પોતાનું કલ્યાણકાર્ય ચાલુ રાખ્યું. હરિમંડપની રચના અને સંતો માટે ધર્મશાળા વડતાલમાં પ્રભુએ કરાવી. એ પ્રાસાદિક હરિમંડપમાં પ્રભુ બિરાજતા અને ત્યાં જ શ્રીજી મહારાજે સર્વ જીવના હિત કરનારી પોતાની વાણીસ્વરૂપા 'શિક્ષાપત્રી', સંવત ૧૮૮૨ના મહા સુદ પાંચમ, એટલે કે વસંતપંચમીના મંગલકારી દિવસે એક જ બેઠકે સંસ્કૃત ભાષામાં સંપ્રદાયની આચારસંહિતા લખી. આમ, સમસ્ત વિશ્વના મંગલનું કેન્દ્ર પ્રભુએ વડતાલને બનાવ્યું.

તે દરમિયાન શ્રીજીમહારાજની આજ્ઞાથી સંતોએ 'વચનામૃત' ગ્રંથનું સંકલન કાર્ય શરૂ કરી દીધું હતું. કુલ ૨૬૨ વચનામૃતમાંથી સૌથી વધુ ૧૮૪ એટલે કે ૭૦ ટકા વચનામૃત ગઢડાનાં છે અને બીજા ક્રમાંકે વડતાલ આવે છે. વડતાલના ૨૦ ઉપદેશો વચનામૃતમાં સંપાદિત કરાયા છે. તેમાંય વળી, મૂર્તિપ્રતિષ્ઠા અને તે પછીના શ્રીજી મહારાજના ઉપદેશો વચનામૃતમાં સમાવ્યા હોય તેવું એકમાત્ર સ્થાન વડતાલ છે. વડતાલમાં શ્રીજી મહારાજે મુખ્ય મંદિરમાં નવ વચનામૃત, મંદિરના પ્રાંગણમાં લીમડાના વૃક્ષ નીચે – જ્યાં હાલ





વડતાલમાં વસંત પંચમીના પાવન દિવસે શ્રીજી મહારાજે પ્રાસાદિક હરિમંડપમાં બિરાજી એક જ બેઠકે સંપ્રદાયની આચારસંહિતા – 'શિક્ષાપત્રી'નું લેખન કર્યું

ઓટો છે ત્યાં સાત વચનામૃત, હવેલીમાં એક વચનામૃત અને ગોમતીજીને કાંઠે આંબાવાડિયામાં ત્રણ વચનામૃત ઉચ્ચાર્યાં છે. તેમાંથી વડતાલ પ્રકરણના ૧૯મા વચનામૃત – 'ભકત થાવાનું, અવિવેકનું'માં શ્રીજી મહારાજે મંદિરમાં બિરાજી પોતે સદાકાળ આ પૃથ્વી પર સાધુરૂપે પ્રગટ રહેશે તેના સાંકેતિક મર્મ ઉદગાર્યા કે, "આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય; તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભકત થાય...." આમ, આપણને સૌને ખરા અર્થમાં ભકિતમાર્ગે સનાથ રાખવાના પ્રભુના વરદાનનું મુખ્યકેન્દ્ર પણ વડતાલ જ બન્યું.

તે સમયમાં જે મુમુક્ષુઓ તીર્થયાત્રા કરીને દ્વારિકા તીર્થનાં દર્શનાર્થે જતા તે સૌ પર ગોમતીમાં સ્નાન કરવા માટે કર લાદવામાં આવતો. સાધુ, ત્યાગી કે જે સ્ત્રી-ધનના વૈરાગીઓ હોય તેમની પાસે પણ તે કર ફરજિયાતપણે માગવામાં આવતો. વળી, ગરીબ ગૃહસ્થ માટે પણ તે અસહનીય હતું. તેમાંય વળી જો રસ્તામાં ચોર કે લુટારાએ તીર્થયાત્રીને લૂંટી લીધા તો દ્વારકા પહોંચે ત્યારે તેની પાસે કાંઈ બચે નહિ ને પવિત્ર સ્નાનનો લાભ લઈ શકે નહિ. કોઈ વહીવટકર્તા આ બાબતે કોઈનું સાંભળતા નહિ અને બેફામ કર ઉઘરાવતા. આ તકલીફ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ, આશ્રિતજનો અને ધર્મકુળના સભ્યોને પણ થતી. ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ સચ્ચિદાનંદ સ્વામીને દ્વારિકામાં કર ભર્યા સિવાય દર્શન માટે પ્રવેશ આપ્યો નહિ. સ્વામીએ પણ ટેક લીધી કે, 'ભગવાનનાં દર્શન સિવાય જમવું નહિ.' સ્વામીને દસ ઉપવાસ થયા અને તેમની ભકિતથી પ્રસન્ન થઈ દ્વારિકેશજીએ તેમને દિવ્ય દર્શન દીધાં અને તેમની પીડા સાંભળી વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં બિરાજવા વચન આપ્યું. તીર્થયાત્રા બાદ સ્વામી વડતાલ પધાર્યા અને શ્રી સ્વામિનારાયણ ભગવાનને સઘળી વાત કરી. ધનના ત્યાગી સાધુઓની વ્યવસ્થા સચવાય, આશ્રિતજનોની મનોકામના પૂર્ણ થાય ને વળી, ધનલોલુપ વહીવટકર્તાઓને શીખ પ્રાપ્ત થાય તે હેતુથી તેમજ ભકતોની અંતરની પ્રાર્થનાઓથી શ્રીજી મહારાજે વડતાલમાં જ ગોમતી અને શ્રી રણછોડજીની મૂર્તિની સ્થાપના કરવા સંકલ્પ કર્યા. મહારાજે વડતાલમાં તે સમયનું ધારું તળાવ ઊંડું ખોદાવ્યું. તેના શ્રમયજ્ઞમાં પ્રભુ પોતે પણ જોડાઈને જરૂરી માર્ગદર્શન આપતા અને હાલ જ્યાં છત્રી છે ત્યાં બિરાજી તેઓ શ્રમયજ્ઞ નિહાળતા. શ્રીજીમહારાજના આશીર્વાદથી તળાવમાં પાણી ભરાયું અને પ્રભુએ વિધિવત્ પૂજા કરી, તીર્થત્વ બક્ષી 'ધારું તળાવ'નું નામ બદલી 'ગોમતી તળાવ' આપ્યું અને આશીર્વાદ વરસાવ્યા.

ત્યારબાદ શ્રીજી મહારાજે શ્રી રણછોડજીની મૂર્તિ ડુંગરપુરમાં તૈયાર કરવા આજ્ઞા કરી. અચાનક શ્રીજીમહારાજની તબિયત નાજુક થવા લાગી. સંવત ૧૮૮૬ના ચૈત્ર વદ સાતમના દિને શ્રી રણછોડજીની મૂર્તિ મંદિરના મધ્ય ગર્ભમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ સાથે પધરાવવી તેવું નક્કી કરાયું. પણ શ્રીજી મહારાજ આ પ્રસંગે પધારી નહિ શકે તે જાણી સૌને સ્વાભાવિક દુ:ખ થયું. અંતે, શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, વડીલ સાધુઓ અને અગ્રણી મુકતોની આજ્ઞા, સૂચન અને અનુમતિથી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પ્રથમ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે શ્રી રણછોડજીની મૂર્તિપ્રતિષ્ઠા કરી પ્રભુનો સંકલ્પ પ્રભુની હયાતીમાં જ સાકાર કર્યો.

રસપ્રદ વાત એ છે કે, આ મંદિરમાં મધ્ય ગર્ભગૃહમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓ સિવાય શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સહિત અન્ય બધી જ મૂર્તિઓ પંચધાતુની છે. મધ્યગૃહમાં શ્રી રણછોડજીની મૂર્તિ કાળા પથ્થરની છે, જ્યારે માત્ર શ્રી લક્ષ્મીનારાયણ દેવની પુરાતની મૂર્તિઓ શ્વેત પાષણની છે, જે શ્રીજી મહારાજની અમૂલી ભેટ છે. શ્રીજી મહારાજે નિર્માણ કરાવેલ છ મંદિરોના મુખ્ય દેવ પૈકી વડતાલના શ્રી લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ જ માત્ર શ્વેત છે અન્ય બધાં જ મંદિરોના મુખ્ય દેવની મૂર્તિઓ શ્યામ રંગની છે; જે પણ વડતાલને વિશેષ બનાવે છે.

ધન્ય છે એ સૌ સંતોને, વડતાલ ધામ અને ચરોતર પ્રદેશના એ સૌ ભકતોને કે, જેઓ પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પે માત્ર ૧૨ રૂપિયાની મૂડી લઈને મોકલેલા બ્રહ્માનંદ સ્વામી દ્વારા ટૂંકા ગાળામાં સંપ્રદાયનું ત્રીજું આટલું ભવ્ય મંદિર રચવામાં નિમિત્ત બન્યા. આ જ વડતાલ મંદિરમાં મહારાજે સંપ્રદાયમાં બે ગાદીના આચાર્યની પરંપરા સ્થાપી જેની સુવાસ સમગ્ર વિશ્વમાં પ્રસરી અને તેઓ દ્વારા અગણિત ભકતોનાં જીવન ઉન્નત બન્યાં. ◆



સુવર્ણમંડિત શિખર સાથે શોભતું વડતાલનું મંદિર